।। શ્રી મહાવીરાય નમઃ।।

શ્રી ગ્રેટર બોમ્બે વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ

સંચાલિત

માતુશ્રી મણિબેન મણશી ભીમશી છાડવા ધાર્મિક શિક્ષણ બોર્ડ

Website : www.jainshikshan.org **E mail :** jainshikshanboard@gmail.com

૧૬ જુલાઈ ૨૦૨૩ – મહિલા મંડળ **શ્રેણી – ૨૧** **કુલ ગુણ : ૧૦૦**

સૂચના : ૧) જે પ્રમાણે સવાલ પૂછ્યા હોય તે જ પ્રમાણે જવાબ લખવા. વાર્તા કે થોકડાના લાંબા જવાબ લખવા નહિ.

૨) આપના જવાબ પેપરમાં આપે ઓપન બુક આપી છે કે રેગ્યુલર તે ખાસ લખજો. જેમણે નહીં લખ્યું હોય તેમનો નંબર આવશે તો પણ નંબર આપવામાં નહીં આવે.

---

(૨૦)

પ્ર. ૧ (અ) સામાયિક પ્રતિક્રમણના આધારે.... (૧૦)

(૧) નીચેના પ્રશ્નોના જવાબ લખો.

૧. અત્યારે તીર્થંકરો હાજર નથી તો આપણો જૈનધર્મ કેવી રીતે ચાલે છે?

૨. પરમાર્થને જાણવાવાળાના પરિચયથી શું લાભ થાય છે?

૩. અરિહંત ભગવાનના ૧૨ ગુણમાંથી પહેલા ખામણામાં કયા ગુણો આવે છે?

૪. વેશ્યાગમન કેવા અનર્થ લાવે છે?

૫. વર્તમાન ચોવીસીને એકસાથે ક્યાં વંદના કરવામાં આવે છે? મૂળ પાઠ લખી કયા પાઠમાં આવે છે? તે લખો.

(આ) બીજા કર્મગ્રંથના આધારે જવાબ લખો. (૧૦)

(૧) નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૫)

૧. સ્વરૂપ સત્તા એટલે શું? સત્તા યોગ્ય પ્રકૃતિ કેટલી? ૧૫૮ પ્રકૃતિમાં નામ કર્મની કેટલી પ્રકૃતિ સત્તામાં? ૧૫૮ પ્રકૃતિમાં અનાદિના મિથ્યાત્વીને કઈ પ્રકૃતિની સત્તા ન હોય? તેમાં કેટલા કર્મની કેટલી પ્રકૃતિ?

(૨) નીચેની પ્રકૃતિની સત્તા ક્યાં સુધી? સત્તા વિચ્છેદ ક્યારે? (૫)

૧. વૈક્રિય અંગોપાંગ ૨. બાદર નામ ૩. ઉદ્યોત નામ ૪. નરકાયુ ૫. નિદ્રા નિદ્રા

(૫)

પ્ર. ૨ સૂયગડાંગ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.

૧. નરકમાં પરસ્પરકૃત વેદના કેવી હોય છે? (૩)

૨. નરકમાં જીવોને શેમાં પકવે છે? તે કેવી હોય છે? સંક્ષેપમાં નરકનું ક્ષેત્ર કેવું હોય છે? (૨)

(૧૦)

પ્ર. ૩ ઠાણાંગ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.

૧. શરદ–વસંત ઋતુમાં કયા મહિનાનો સમાવેશ થાય?

૨. ઉન્માદ પ્રાપ્તિના નિમિત્ત કારણોના નામ લખો.

૩. સાધુ શા માટે આહાર કરે અને શા માટે આહાર ન કરે?

૪. અસંભવિત કાર્યો કેટલા છે? છેલ્લા ૩ લખો.

૫. યત્કિંચિત મિથ્યા દુષ્કૃત્ય પ્રતિક્રમણ અને તથાજ્ઞાન પ્રશ્ન એટલે શું?

(૧૦)

પ્ર. ૪ જ્ઞાતાધર્મકથા સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.

૧. પુંડરિક રાજાએ સ્થવિર ભગવંતોને શું વિનંતી કરી?

૨. મહાપદ્મ રાજા કઈ નગરીમાં રહેતા હતા? તે નગરી ક્યાં આવેલી હતી? મહાપદ્મની દીક્ષા પછી ત્યાંના રાજા કોણ હતા?

૩. પુંડરિકે દીક્ષા કેવી રીતે લીધી? દીક્ષા લીધા પછી પુંડરિકે શું અભિગ્રહ ધારણ કર્યો?
૪. દીક્ષા લઈને શું કરવાનું નથી? તેના ફળરૂપે શું પ્રાપ્ત થાય છે?
૫. કંડરિકે દેશના સાંભળી સ્થવિર ભગવંતને શું કહ્યું અને સ્થવિર ભગવંતે શું જવાબ આપ્યો?

અથવા

પ્ર. ૪ પુષ્પિકા સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.

૧. બહુપુત્રિકા દેવીએ ભગવાન પાસે આવીને શું કર્યું?
૨. સુભદ્રાને મધ્યરાત્રિએ શું વિચાર આવ્યો?
૩. સુભદ્રા આર્યા એકલી પડી ગયા પછી કેવી બની ગઈ?
૪. આ અધ્યયન પરથી શું શિક્ષા લેવી જોઈએ?
૫. સોમા પહેલીવાર ધર્મ સાંભળીને કોની પાસે શું સ્વીકાર કરશે?

(૫)

પ્ર. ૫ અંતગડ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.

૧. શ્રીદેવીએ ગૌતમ સ્વામીને જોઈને શું કર્યું? (૩)
૨. અતિમુક્ત મુનિએ સંયમ સ્વીકારી શું કર્યું? તેઓ ક્યાં ગયા? (૨)

(૫)

પ્ર. ૬ જ્ઞાતાધર્મકથા સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો.

૧. મુક્તિ પ્રાપ્ત કરવામાં કોણ સમર્થ છે?
૨. રસનેન્દ્રિય પ્રાપ્ત વસ્તુના નામ જણાવો.
૩. નૌકા વણિક કોને કહેવાય?
૪. કયા વિષયોમાં આસક્ત થવાનું નથી?
૫. જે ધર્મથી ભ્રષ્ટ થાય છે તે કોને વશીભૂત થાય છે?

(૧૫)

પ્ર. ૭ ઉત્તરાધ્યયન સૂત્રના આધારે જવાબ લખો.

(અ) નીચેની ગાથાઓ પૂર્ણ કરી ભાવાર્થ લખો. (૯)

૧. સે ..... પરિચ્ચયઈ ૨. પંચિન્દિયાણિ ..... જિયં ૩. અહો ..... વસી કઓ

(બ) નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૬)

૧. સાધકે શેમાં લીન રહેવું જોઈએ? કેવી રીતે?
૨. વિદ્વાન સાધકે શું કરવું જોઈએ?
૩. નમિ રાજર્ષિ દીક્ષા લેવા નીકળ્યા ત્યારે શું થયું?
૪. અટ્ટાલિકા એટલે શું?
૫. ગૃહસ્થાશ્રમમાં કેવી રીતે ધર્મ આરાધના કરવી જોઈએ?
૬. ઈન્દ્ર કેવા હતા?

(૧૦)

પ્ર. ૮ ભગવતી સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.

૧. દ્વીપ–સમુદ્ર કયા સૂત્રનો અધિકાર છે? તે અંગ છે કે ઉપાંગ? કાલિક છે કે ઉત્કાલિક? કેટલામું?
૨. કાળોદધિ સમુદ્ર કેટલા યોજનનો છે? તેના પછી કયો દ્વીપ આવેલો છે? તે કેટલા યોજનનો છે? તેનો સમાવેશ અઢીદ્વીપમાં થાય કે નહિ?
૩. અઢીદ્વીપમાં આવેલા દ્વીપ–સમુદ્રના નામ અને સંસ્થાન લખો.
૪. ગૌતમ દ્વીપ ક્યાં આવેલો છે? તેનું વર્ણન કરો.
૫. પાતાળ કળશા કયા સમુદ્રમાં કેટલા છે? કળશાના ભાગ કેટલા છે? તેનું વર્ણન કરો.

(૧૦)

પ્ર. ૯ પન્નવણા સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.

૧. ૫ ઈન્દ્રિયના આધારે અવગાઢ દ્વાર લખો. ચક્ષુઇન્દ્રિયનો બાહુલ્ય દ્વાર લખો.
૨. શ્રોત્રેન્દ્રિયનો સંસ્થાન, રસનેન્દ્રિયનો પૃથુત્વ, ઘ્રાણેન્દ્રિયનો પ્રદેશ દ્વાર લખો.
૩. કયા અને કેટલા દંડકના જીવો આહારના પુદ્ગલોને દેખે છે? કયા પુદ્ગલોને દેખે છે?
૪. ૫ ઈન્દ્રિયમાંથી પ્રાપ્યકારી અને અપ્રાપ્યકારી ઈન્દ્રિયો કેટલી? કઈ કઈ?
૫. કંથવા, શીંગોડા, ઘોડા, ભમરાનો સ્પર્શનેન્દ્રિયનો ઉત્કૃષ્ટ વિષય લખો.

(૧૦)

પ્ર. ૧૦ માર્ગણા સમજણ સહિત લખો. (કોઠો બનાવીને લખો.)

૧. અધોલોક પર્યાપ્તામાં ૨. અધોલોક તેજોલેશીમાં ૩. અધોલોક એકાંત અસંજ્ઞીમાં
૪. અધોલોક પુરુષવેદ ભાષકમાં ૫. અધોલોક પંચેન્દ્રિય કૃષ્ણલેશી નોગર્ભજમાં

જય જિનેન્દ્ર

❋ **Please conatact DSB helpline no. for online shreni study classes. 9702277914**
❋ **Please join our Telegram group. Contact DSB helpline no. 9702277914**